બિનસરકારી, માધ્યમિક/ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને આપવામાં
આવતા અનુદાન બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૯૩-૫૭૬૫-ગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૭-૩-૧૯૯૪.

**વંચાણે લીધા:**

૧.ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના તા.૨૪-૧૦-૮૯ના ઠરાવ ક્ર:બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,

૨.ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના તા.૨૫-૧૦-૮૯ના ઠરાવ ક્ર:બમશ-૧૧૮૭-૧૧૮૯-(મ-૪૭૨-૬૬)-ગ,

૩.ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના તા.૧૭-૭-૧૯૯૦ના ઠરાવ ક્ર: બમશ-૧૧૮૭-૨૮૭૯- ૧/ ગ

૪.ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૧૭-૭-૯૦નાં ઠરાવ ક્ર:બમશ-૧૧૮૭-૨૧૭૪-ગ,

**ઠરાવ:**

આમુખ ક્રમાંક:(૧) થી (૪)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી બિન-સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે સરકારી અનુદાન સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.બિનસરકારી માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવામાં આવતા અનુદાનના ખર્ચમાં કર્મચારીઓને ૯-૧૮-૨૭ વર્ષે અપાતા ઉપલા પગાર ધોરણની ટકાવારી પ્રમાણે શાળાઓને અપાતી નિભાવ ગ્રાન્ટ તેમજ મકાનભાડા ગ્રાન્ટનું વધારાનું ભારણ સરકાર ઉપર ન પડે તે અંગે નીતિ ઘડવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાના અંતે ઉપર આમુખ:(૧) થી (૪)ના અને અન્ય વખતોવખતના ઠરાવથી બિનસરકારી શાળાઓને નિભાવ ગ્રાન્ટ તથા મકાનભાડાની જે ગ્રાન્ટ આપવામાં આવે છે તે બંને ગ્રાન્ટ તા.૩૧-૩-૯૨નાં રોજ પૂરા થતા વર્ષની સ્થિતિએ સ્થગિત કરવાનું આથી સરકાર ઠરાવે છે.આથી આમુખમાં દર્શાવેલ ઠરાવોની જોગવાઈ મુજબ શાળાઓને જે રકમ નાણાકીય વર્ષ ૧૯૯૧-૯૨ના પે પેકેટ તરીકે ચૂકવવામાં આવેલ હશે તે જ ધોરણે ત્યારબાદના વર્ષોમાં પણ નિભાવ ગ્રાન્ટ અને મકાન ભાડાની ગ્રાન્ટ ચૂકવવાનું આથી સરકાર ઠરાવે છે.

...૨/-

૨. તા.૩૧-૩-૯૨ પછીથી વત્તા ક્રમિક વર્ગો અને તેના કારણે વધારાના સ્ટાફના પગારખર્ચ ઉપર ૧૦% પ્રમાણમાં નિભાવગ્રાન્ટ અને મકાનભાડું મળવાપાત્ર થશે પરંતુ તા.૩૧-૩-૯૨ પહેલાંનો સ્ટાફ અને ત્યાર પછી સંસ્થામાં નિમાયેલ સ્ટાફના પગારમાં જ્યારે જ્યારે ૯-૧૮-૭૭ ના ઉચ્ચત્તર પગારધોરણ પ્રમાણેનો વધારો થશે ત્યારે આ કારણે પગારમાં થતા વધારાને નિભાવગ્રાન્ટ તેમજ મકાનભાડા ગ્રાન્ટ માટે ગણવામાં આવશે નહિ.

૩. બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓને મળવાપાત્ર થતા ઉચ્ચત્તર પગારધોરણને કારણે થતા પગાર વધારાને ઉક્ત નિભાવગ્રાન્ટ અને મકાનભાડાની ગ્રાન્ટ માટેની ગણતરીમાં લેવાના રહેશે નહિ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૪-૧-૯૪ના રોજ સંમતિ મેળવી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.આર.સોની)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
માન.શિક્ષ્ણમંત્રીશ્રી ના અંગતસચિવશ્રી,
માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી,શિક્ષણના અંગત સચિવશ્રી,
માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ગુ.રા.ગાંધીનગર.
મહાલેખાકારશ્રી,ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડન્ટ ઓડિટ અધિકારીશ્રી,અમદાવાદ.
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
સચિવશ્રી,ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગર.
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ,
સીલેક્ટ ફાઈલ.

વાધેલા: